# ખરવા-મોંવાસા

- ખરવા - મોંવાસા એ ખરીવાળા પ્રાણીઓ જેવા કે ગાય, ભેંસ, ઘેટા, બકરા માં જોવા મળતો અત્યંત ચેપી વિષાણુંજન્ય રોગ છે.
- ખરવા - મોંવાસા એ પશુઓમાં જોવા મળતો આર્થિક રીતે નુકશાનકર્તા રોગ છે કે જે પશુઓના દૂધ ઉત્પાદનમાં ઘટાડો કરે છે અને વૃદ્ધિ વિકાસ અવરોધે છે.
- રોગિષ્ટ માદા પશુઓમાં વ્યંધત્વ જોવા મળે છે તથા બળદોમાં કામ કરવાની શક્તિ ઘટી જાય છે.
- આંતરરાષ્ટ્રીય બજારમાં અસરગ્રસ્ત પશુના દૂધ અને તેની બનાવટોના વેપાર પર પ્રતિબંધ મુકાયેલ છે.

## રોગના લક્ષણો :

- ખુબ તાવ આવે તથા મોઢામાંથી લાળ પડે.
- મોઢું, જીભ અને ખરીમાં ચાંદા પડે અને પશુ લંગડાય.
- દૂધ ઉત્પાદનમાં ઘણો ઘટાડો થાય.
- ગાભણ પશુઓમાં ગર્ભપાત થવાની શક્યતા રહે.



## રોગનો ફેલાવો :

- જંતુયુક્ત ખોરાક-પાણીથી
- રોગિષ્ટ પશુની હેરફેરથી
- રોગિષ્ટ પશુનાં સંપર્કથી

## સારવાર :

- બિમાર પશુના પગ તથા મોઢું પોટેશિયમ પરમેગેનેટના ૧ ટકાના દ્રાવણથી ધોવું.
- ચાંદા ઉપર એન્ટીસેપ્ટીક અથવા એન્ટીબાયોટીક મલમ લગાડવો.
- રોગિષ્ટ પશુઓની અવર-જવર નિયંત્રિત કરવી જેથી રોગચાળો ફેલાતો અટકે.
- પશુ રહેઠાણની જંતુનાશક દવાથી સફાઈ કરવી.

## નિવારણ :

- દર વર્ષે બે વખત જુન-જુલાઈ અને નવેમ્બર-ડીસેમ્બર મહિનામાં રોગ વિરોધી રસી મુકાવવી.

**“પશુઓને સમયસર રસી મુકાવો,
પોતાને આર્થિક હાનિથી બચાવો”**

KAMDHENU UNIVERSITY
सर्वभूतहिते रताः

-: પ્રકાશક :-
વિસ્તરણ શિક્ષણ નિયામક
કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન,
બ્લોક-૧, ૪થો માળ, વીંગ-બી૧, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦